RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 39* Date: 05.12.2020 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે આજે પાંચમી વખત વાતચીત થશે

# ખેડૂતોનું સરકારને અલ્ટિમેટમ:કૃષિ કાયદો પરત ખેંચો નહિ તો ભારત બંધ

### આઠમી ડિસેમ્બરે ભારત બંધનું આહ્વાન કર્યું, ખેડૂતોના આંદોલનને પં.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનો પણ સાથ મળ્યો

*ન્યુ દિલ્હી,તા.૪*

સરકારે પસાર કરેલા કૃષિ કાયદા અંગે ખેડૂતો હવે આક્રમક મૂડમાં આવી ગયા છે. ત્યારે ભારતીય કિસાન સંઘના જનરલ સેક્રેટરી (બીકેયુ-લાખોવાલ)એ સરકારને અલ્ટીમેટમ આપ્યું છે. આજે એટલે ૫ ડિસેમ્બર સુધી ખેતી સંલગ્ન કાયદા પરત ખેંચવામાં નહિ આવે તો મોદીના પૂતળા દહન કરવામાં આવશે. અને ૮ ડિસેમ્બરે ભારત બંધનું આહ્વાન કર્યું છે.

કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના પ્રદર્શનનો શુક્રવારે ૯મો દિવસ છે. ખેડૂત આવતીકાલે યોજાનારી બેઠક માટે આજે રણીનિતી તૈયાર કરી રહ્યાં છે.ખેડૂત ભાઈઓને આજે દીદી એટલે કે બંગાળના સીએમ મમતા બેનર્જીનો પણ સાથ મળી ગયો છે. મમતા બેનર્જીએ ઘણા ખેડૂત નેતાઓ સાથે ફોન પર વાત કરી છે અને તેમને કહ્યું કે, કેન્દ્રીય કૃષિ કાયદા વિરુદ્ધ તમારા આંદોલનમાં તૃણમૂલ પુરી રીતે તમારી સાથે છે.

તો આ તરફ આંદોલનના કારણે દિલ્હી બોર્ડરના ૯ પોઈન્ટ પર ટ્રાફિક બંધ કરી દેવાયો છે. અમુક વૈકલ્પિક રસ્તા દિલ્હીમાં જવા માટે છે, પણ તેના પર પણ ટ્રાફિકની સ્થિતિ ખરાબ છે. હરિયાણા અને પંજાબના ખેડૂતો સતત બોર્ડર પર ભેગા થઈ રહ્યાં છે. આજે રાતે સિંધુ અને ટિકરી બોર્ડર પર હજારો યુવાનો ભેગા થશે.નવયુવાન ભારત સભાએ જણાવ્યું કે, મોગા, ફરીદકોટ, મુક્તસર, જાલંધર,અમૃતસર, ગુરદાસપુર, નવાનશહર, રોપડ, સંગરુર અને પટિયાલાથી યુવાન બોર્ડર પર આવી રહ્યાં છે.

ખેડૂતોના સપોર્ટમાં એવોર્ડ પરત કરવાનો સિલસિલો બીજા દિવસે શુક્રવારે પણ યથાવત રહ્યો. લેખક ડો. મોહનજીત, ચિંતક ડો. જસવિંદર અને પત્રકાર સ્વરાજબીરે તેમના સાહિત્ય અકાદમી એવોર્ડ પરત કરી દીધા છે.ગુરુવારે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે તેમનો પદ્મવિભૂષણ એવોર્ડ પરત કરી દીધો હતો.

ખેડૂતો અને કેન્દ્ર વચ્ચે એક દિવસ પહેલા એટલે કે ગુરુવારે થયેલી વાતચીતમાં સ્પષ્ટ થઈ ગયું હતું કે, આંદોલન હવે અટકશે નહીં. ક્રાંતિકારી ખેડૂત યુનિયનના લીડર દર્શનપાલે આજે કહ્યું કે, કેન્દ્ર કાયદામાં અમુક સુધારા માટે રાજી છે, પણ અમે નહીં. અમે તેમને જણાવી દીધું કે, આખા કાયદામાં ખામી છે. અમે આવતીકાલે યોજાનારી મીટિંગ પહેલા આજે ચર્ચા કરીશું અને અમારી રણનીતિ તૈયાર કરીશું. સંગઠનો વચ્ચે બેઠક થઈ રહી છે.

કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે ચોથા તબક્કાની વાતચીત ૭ કલાક સુધી ચાલી. બેઠક પછી કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે ખેડૂતોને વિશ્વાસ અપાવ્યો કે મિનિમમ સપોર્ટ પ્રાઈઝને કંઈ નહીં થાય. તેમાં કોઈ ફેરફાર નહીં કરવામાં આવે. એક્ટની જોગવાઈમાં ખેડૂતોને સુરક્ષા આપવામાં આવી છે.



ખેડૂતોએ કહ્યું, મુદ્દો માત્ર MSPનો નથી, પણ કાયદો પૂરી રીતે પાછો લેવાનો છે. ભારતીય ખેડૂત યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું, માત્ર એક નહીં, પણ ઘણા મુદ્દાઓ પર વાતચીત થવી જોઈએ. કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે હવે પાંચમી વખત વાતચીત ૫ ડિસેમ્બરે થશે.

### ૨૪ કલાકમાં ૩૬૫૯૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા, વધુ ૫૪૦ના મોત

# દેશમાં કોરોનાથી રિકવરી દર ૯૪.૨૦ ટકા મૃત્યુદર ૧.૪૫ ટકા થયો

*ન્યુ દિલ્હી,તા.૪*

કોરોનાથી દેશમાં ૨૪ કલાકમાં ૫૪૦ દર્દીઓના મતો થયા છે જેને પગલે કુલ મૃત્યુઆંક વધીને ૧,૩૯,૧૮૮ થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ છેલ્લા એક દિવસમાં કોરોનાના વધુ ૩૬,૫૯૫ પોઝિટિવ કેસો નોંધાતા કુલ કેસ લોડ વધીને ૯૫૭૧,૫૫૯ થયો છે. બીજીતરફ સારી બાબત એ છે કે કોરોનાથી રિકવર થયેલા દર્દીઓ આંક પણ વધીને ૯૦ લાખને પાર જતા રિકવરી દર ૯૪.૨૦ ટકા થયો છે.

સરકારે જાહેર કરેલા આંકડા મુજબ કોવિડ ૧૯થી મૃત્યુદર ૧.૪૫ ટકા થયો છે. કુલ રિકવર થયેલા દર્દીઓ આંકડો ૯૦,૧૬,૨૮૯ પર પહોંચ્યો હતો. સતત ૨૪માં દિવસે કોરોનાના એક્ટિવ કેસો ૫ લાખની નીચે ૪,૧૬,૦૮૨ રહ્યા હતા. કોરોનાના કુલ કેસ લોડની તુલનાએ સક્રિય કેસોની ટકાવારી ૪.૩૫ ટકા છે.

દેશમાં સૌપ્રથમ વખત ૭ ઓગસ્ટના ૨૦ લાખ કેસોનો આંક પાર થયો હતો, ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ કેસો નોંધાયા હતા. ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ કેસો નોંધાયા હતા જ્યારે ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ કેસો, ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ કેસ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ કેસો અને ૨૦ નવેમ્બરના સૌપ્રથમ વખત ૯૦ લાખ કેસો નોંધાયા હતા.

આઈસીએમઆરના ડેટા મુજબ ૩ ડિસેમ્બરના દેશમાં ૧૧,૭૦,૧૦૭ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ થયું હતું. અત્યાર સુધીમાં કુલ ૧૪,૪૭,૨૭,૭૪૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું. ૨૪ કલાકમાં વધુ ૫૪૦ દર્દીનાં મોત થયા હતા જે પૈકી મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૧૫ દર્દીનાં મોત થયા હતા. દિલ્હીમાં ૮૨, પશ્ચિમ બંગાળમાં ૪૯, હરિયાણામાં ૩૨. કેરળ તેમજ ઉત્તર પ્રદેશમાં ૩૨-૩૨, છત્તિસગઢમાં ૨૨, પંજાબ અને રાજસ્થાનમાં ૨૨-૨૨ દર્દીનાં મોત થયા હતા. કોરોનાથઈ થયેલા કુલ મોત પૈકી ૭૦ ટકાના મોત અન્ય બિમારીને પગલે થયા હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

### વડાપ્રધાન મોદીએ સર્વપક્ષીય બેઠકમાં કોરોનાની રસી અંગે ચર્ચા કરી

# 'દેશવાસી'ઓ ધ્યાનથી સાંભળો: 'કોરોના રસી' મફત નહિં મળે.!



*ન્યુ દિલ્હી,તા.૪*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસ વેક્સીનને લઇ તમામ પક્ષોના નેતાઓને અપડેટ આપી દીધું છે. શુક્રવારના રોજ સર્વદલીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે વેક્સીનના સ્ટોક અને રિયલ ટાઈમ ઈન્ફોર્મેશન માટે એક ખાસ સોફ્ટવેર તૈયાર કરાયું છે. તેમણે કહ્યું કે કોવિડનું રસીકરણ અભિયાન વ્યાપક હશે. તેમણે કહ્યું કે આવા અભિયાનોની વિરૂદ્ધ અફવાઓ ફેલાવામાં આવે છે. તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી કે તેઓ લોકોને રસીને લઇ જાગૃત કરે. પીએમ મોદીએ કહ્યું કે એક્સપર્ટ માને છે કે આવનારા થોડાંક સપ્તાહમાં કોવિડ વેક્સીન તૈયાર થઇ જશે. તેમણે કહ્યું કે વૈજ્ઞાનિકો દ્વારા લીલી ઝંડી મળતા જ ભારતમાં રસીકરણ શરૂ કરી દેવાશે.

પીએમ મોદીએ બેઠક બાદ કહ્યું કે થોડાંક દિવસ પહેલાં મારી રસી બનાવતા વૈજ્ઞાનિકો સાથે પણ વાત થઇ છે. આપણા વૈજ્ઞાનિક પોતાની સફળતાને લઇ ખૂબ જ આશ્વસ્ત છે. ભારતમાં ૮ વેક્સીન ટ્રાયલના અલગ-અલગ સ્ટેજમાં છે

### ભારત વેકસીન બનાવવાની નજીક, આવનારા થોડાક સપ્તાહમાં રસી મળી જવાના સંકેત, ૮ વેકસીન પર ટ્રાયલ ચાલુ

અને તેનું મેન્યુફેક્ચરિંગ ભારતમાં જ થશે. દેશની ત્રણ વેક્સીન પણ અલગ-અલગ તબક્કામાં છે. એક્સપર્ટ માને છે કે રસીકરણ વધુ દૂર નથી. વૈજ્ઞાનિક આપણને જેવી ગ્રીન સિગ્નલ આપે છે ભારતમાં રસીકરણ અભિયાન શરૂ થઇ જશે.

મોદીએ કહ્યું કે પહેલાં તબક્કામાં હેલ્થકેર વર્કર્સ, પછી ફ્રન્ટલાઇન વર્કર્સ, અને વૃદ્ધ લોકોને અને ગંભીર બીમારીઓ સાથે જોડાયેલા લોકોને રસી લગાવાશે. કેન્દ્ર અને રાજ્ય સરકારો વેક્સીનના ડિસ્ટ્રીબ્યુશનને લઇ ઝડપથી કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતની પાસે માત્ર રસીકરણમાં જ વિશેષજ્ઞતા નથી પરંતુ ક્ષમતા પણ છે. સર્વપક્ષીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે હેલ્થકેર વર્કર્સ, ફ્રન્ટલાઇન વર્કર્સ, અને વૃદ્ધોને કોરોનાની રસી સૌથી પહેલાં અપાશે. પીએમે કહ્યું કે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે વેકસીનની કિંમત પર પણ ચર્ચા કરી રહ્યા છે અને પબ્લિક હેલ્થનું સૌથી વધુ ધ્યાન રાખતા તેના પર નિર્ણય લેવાશે.

બેઠક દરમિયાન પીએમ મોદીએ રાજકીય પક્ષોને કહ્યું કે આપણે કોશિશ કરવી જોઈએ કે રસીકરણ દરમિયાન અફવા ન ફેલાય. તેમણે કહ્યું કે આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે રસીકરણ દરમિયાન જરાય અફવા ન ફેલાય, એવી અફવાઓ જે દેશવિરોધી અને માનવ વિરોધી છે. આ પ્રકારે, તમામ રાજકીય પક્ષોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આપણે તમામ ભારતીયોને આ પ્રકારની અફવાઓથી બચાવીએ.

કોરોનાની રસીના ભાવ પર રાજ્યો સાથે ચર્ચા કરવાના પીએમ મોદીના નિવેદન પરથી લાગે છે કે વેકસીન પર સબ્સિડી મળી શકે છે. આપને જણાવી દઇએ કે ભાજપે બિહાર ચૂંટણી દરમ્યાન વચન આપ્યું હતું કે જો એનડીએની સરકાર આવે છે તો રાજ્યના તમામ લોકોને કોરોનાની રસી મફતમાં મળશે. પીએમના આ નિવેદન બાદ માનવામાં આવી રહ્યું છે કે દેશભરમાં કોવિડ-૧૯ વેક્સીન ફ્રી થશે નહીં પરંતુ તેના પર કેટલાંક સબ્સિડી આપી શકે છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ થોડા દિવસો પહેલા જ અમદાવાદ, હૈદરાબાદ અને પુણેની કોરોના વેક્સીન તૈયાર કરનારી કંપનીઓની મુલાકાત લીધી હતી. કોવિડ-૧૯ વેક્સીનના વિકાસ માટે થઈ રહેલા કાર્યોનું તેમણે નિરીક્ષણ કરીને ચર્ચા કરી હતી. ત્યારબાદ સરકારે આ સર્વપક્ષીય બેઠક બોલાવી હતી.

### મોંઘવારીને ધ્યાને રાખી રેપો રેટ ૪ ટકા યથાવત્

# આરબીઆઈએ રેપો રેટ યથાવત્ રાખ્યો: લૉનના EMI નહીં ઘટે

*મુંબઇ,તા.૪*

રિઝર્વ બેક્ક ઓફ ઈન્ડિયાને સુપરત કરવામાં આવેલી દ્વિ-માસિક નાણાકીય નીતિ સમીક્ષામાં, ભારતીય રિઝર્વ બેંકે પ્રમુખ માળખાકીય રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો ન હતો અને તેને ૪ટકા જાળવી રાખ્યો હતો. તે જ સમયે, સેન્ટ્રલ બેંકે વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રમાં ૭.૫ ટકાનો નવો અંદાજ મૂક્યો છે.

તે જ સમયે, કેન્દ્રીય બેક્કે આર્થિક વિકાસને વેગ આપવા માટે ઉદાર અભિગમ જાળવી રાખ્યો છે, અને કહ્યું છે કે તે કોવિડ -૧૯ થી પ્રભાવિત અર્થતંત્રને વેગ આપવા માટે નીતિ દર ઘટાડા સહિતના તમામ સંભવિત પગલા લેશે.

નાણાંકીય નીતિ સમિતિ (એમપીસી) ના નિર્ણયની વિગતો આપતાં આરબીઆઈના ગવર્નર શક્તિકાન્ત દાસે કહ્યું હતું કે છૂટક ફુગાવાના ઉચ્ચ સ્તરને ધ્યાનમાં રાખીને એમપીસીના તમામ છ સભ્યોએ સર્વસંમતિથી નીતિ દરને સર્વાનુમતે યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે કોવિડ -૧૯ થી પ્રભાવિત અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. એમપીસીના આજના નિર્ણય સાથે, જ્યારે રેપો રેટ ૪ ટકા રહેશે, જ્યારે રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા રહેશે.

અગાઉ, આર્થિક વિકાસને વેગ આપવા માટે સેન્ટ્રલ બેક્કે માર્ચથી રેપો રેટમાં ૧.૧૫ ટકાનો ઘટાડો કર્યો છે. આર્થિક વૃદ્ધિની આગાહી અંગે દાસે કહ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં તે ૭.૫ ટકા ઘટશે. ત્રીજા ક્વાર્ટર અને ચોથા ક્વાર્ટરમાં, તે અનુક્રમે ૦.૧ ટકા અને ૦.૭ ટકા વધવાનો અંદાજ છે.

ગવર્નર શક્તિકાંત દાસે વધુમાં કહ્યું હતું, રિટેલ મોંઘવારી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના ત્રીજા ત્રિમાસિકમાં ૬.૮ ટકા, ચોથા ત્રિમાસિકમાં ૫.૮ ટકા રહેવાનું અનુમાન છે. RBIએ આ પહેલાં ઓક્ટોબરની મોનિટરી પોલિસીમાં અનુમાન વ્યક્ત કર્યું હતું કે ૨૦૨૦-૨૧માં દેશની જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો આવી શકે છે. ત્રીજા ત્રિમાસિકમાં ૫.૬ ટકાના ઘટાડાનું અનુમાન હતું, જ્યારે ચોથા ત્રિમાસિકમાં GDPમાં અડધા ટકાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૧૫૧૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૧૫૮૧૯
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૧૮
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૬૨૭
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૧૯૭૦૯૨

# રાહુલ ગાંધીમાં નિરંતરતાની ઉણપ લાગે છે: શરદ પવારનું મોટું નિવેદન

*મુંબઇ,તા.૪*

કોંગ્રેસના નેતા તરીકે રાહુલ ગાંધીની વિશ્વસનીયતા પર ટીપ્પણી કરતાં NCP પ્રમુખ શરદ પવારએ કહ્યું કે રાહુલ ગાંધીમાં કેટલાંક અંશે 'નિરંતરતા' ની ઉણપ લાગે છે. કોંગ્રેસના સહયોગી શરદ પવારે જો કે કોંગ્રેસ નેતા પર બરાક ઓબામાની ટીપ્પણીને લઈને કડક નિંદા કરી છે.

શરદ પવારને એક ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે દેશ રાહુલ ગાંધીને નેતા માનવા માટે તૈયાર છે તો કહ્યું કે આ સંબંધમાં કેટલાંક સવાલ છે. રાહુલ ગાંધીમાં નિરંતરતાની ઉણપ લાગે છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ હાલમાં પ્રકાશિત પોતાની બુકમાં કહ્યું હતું કે કોંગ્રેસ નેતા શિક્ષકને પ્રભાવિત કરવા માટેના એવા વિદ્યાર્થીની જેવા લાગે છે જેમાં વિષયમાં મહારત પ્રાપ્ત કરવા તેમજ યોગ્યતા અને ઝૂનૂનની ઉણપ છે.

જો કે શરદ પવારને બરાક ઓબામાને લઈને પૂછવામાં આવ્યું તો કહ્યું કે આ જરૂરી નથી કે આપણે બધાના વિચારનો સ્વીકાર કરીએ. પવારે કહ્યું કે હું પોતાના દેશના નેતૃતવ અંગે કાંઈપણ કહી શકું છું, પરંતુ બીજા દેશના નેતૃત્વ અંગે હું વાત ન કરી શકું. કોઈપણ વ્યક્તિએ પોતાની બોર્ડર બનાવીને રાખવી જોઈએ. મને લાગે છે કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પોતાની સરહદ પાર કરી છે.

કોંગ્રેસના ભવિષ્ય તેમ જ્યારે પૂછવામાં આવ્યું કે શું રાહુલ ગાંધી પાર્ટી માટે 'બાધા' બની રહ્યાં છે તો શરદ પવારે કહ્યું કે કોઈપણ પાર્ટીનું નેતૃત્વ એ વાત પર નિર્ભર કરે છે કે સંગઠનની અંદર તેને કઇ રીતે સ્વીકાર કરવામાં આવે છે.

## તંત્રી સ્થાનેથી...

### દેશની નજર કોરોના રસી અને ખેડૂત આંદોલન પર....શક્યતાઓ ધુંધળી....?!

દેશભરના લોકોની નજર કોરોના કેસોની સંખ્યા અને મૃતાક પર તેમજ દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન ઉપર મંડાયેલી છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા ૩૬,૫૯૪ કેસ નોંધાયા છે અને ૫૪૦ મૃત્યુ નોંધાયા છે. દેશમાં કોરોના કેસોનો કુલ આંક ૯૫,૭૧,૫૫૯ પહોંચી ગયો છે અને મૃતાક "૧,૩૯,૧૮૮ ઉપર પહોંચી ગયો છે. તાજેતરમાં કોરોના મારક રસી સફળ થવા પર પહોંચી ચુકી છે. તેમા પણ વિવિધ ત્રણ કંપનીઓ દ્વારા વેક્સિન ઉત્પાદન થનાર છે તેના પ્લાન્ટોની વડાપ્રધાન મોદીજીએ મુલાકાત લીધી. પરંતુ રસી બાબતમા કોઈ જ જાહેરાત કરી નહીં કે જેના માટે લોકોમાં મોટી આશા હતી.બીજી તરફ રશિયાએ બનાવેલ રસી સ્પુટનિક-૫ પોતાની પ્રજાને આપવાનું શરૂ કરી દીધું. જ્યારે કે બ્રિટને ફાઈનલ રસીને માન્યતા આપી દીધી અને લોકોને આપવાનું શરૂઆત કરી દીધી જેમ દાવો કરવામાં આવ્યો છે કે આ રહી ૯૫ ટકા સફળ થઈ છે. બીજી તરફ અમેરિકામાં કોરોના કેસોમા સતત વધારો થઇ રહ્યો છે અને લોસ એન્જેલસમા લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે જેના કારણે ભારતના હીરા ઉધોગને ફટકો પડ્યો છે. ત્યારે અમેરિકાની મોડર્ના કંપનીએ કોરોના નાથી શકે તેવી રસી તૈયાર કરી હોવાનો દાવો કરી અમેરિકા અને યુરોપના દેશોને પોતાની એમઆરએનએ-૧૨૭૩ ને માન્યતા આપવા અગાઉ અરજી કરી હતી અને કંપનીએ દાવો કરેલ કે ટ્રાયલમાં ૯૧.૫ ટકા સફળતા મળી છે, કોઈ આડઅસર કે અન્ય લક્ષણો દેખાયા ન હતા, જ્યારે ગંભીર કેસમાં આ રસીને ૧૦૦ ટકા સફળતા મળી છે. કદાચ અમેરિકામાં મોડર્નાની રસી ડિસેમ્બરમાં મળતી થઈ જશે. મતલબ ફાઈઝર અને સ્દ્બ્છ-૧૨૭૩ રસી વિશ્વભરની સૌ પ્રથમ કોરોના વેક્સિન બની રહેશે. જ્યારે કે ભારતમાં બનેલ રસી સફળતાના દોરમાં છે એટલે કોઈ કંપનીએ ૧૦૦ ટકા સફળતાનો દાવો કર્યો નથી.... પરિણામે ભારત વિશ્વગુરુ બનવામાં પાછળ રહી ગયુ છે......! અને આ સમયે દેશભરમાં દરેક લોકોને રસી આપવામાં આવશે તેવી અગાઉ વડાપ્રધાન મોદીજીએ રાષ્ટ્રજોગ પ્રવચનમાં જાહેરાત કરી હતી જેનો છેદ ખુદની સરકારના આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે એવું કહીને ઉડાડી દીધો છે કે કેન્દ્ર સરકારે કદી પણ એવું નથી કહ્યું કે દેશના દરેક લોકોને રસી આપવામાં આવશે. દેશભરના લોકોને કોરોના રસી આપવાની વાત સરકારે કદી કરી નથી. રાજેશ ભૂષણની આ કોમેન્ટ પછી સોશિયલ મીડિયા પર મોદીજીના ઓક્ટોબર ૨૦૨૦ ના રાષ્ટ્રજોગ કરેલા પ્રવચનનો અને ૨૯ ઓક્ટોબરે અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂના વીડિયો વાયરલ થવા લાગ્યા જેમાં મોદીજી આખા દેશને રસી અપાશે તેવું કહ્યું જ્યારે કે નાણા મંત્રી સીતારમને બિહાર ચૂંટણીમાં મોદીજીના નામજોગ કહેલું કે આખા દેશને કોરોના રસી અપાશે તેનો વીડિયો પણ વાયરલ થતાં પ્રજામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે....! અને લોકોની સવાલી ચર્ચા બની છે કે કોરોના રસી પણ ચૂંટણી ઝૂમલો હતો....? કેન્દ્ર સરકાર ખાતરી આપ્યા પછી કેમ કરી ગઈ.....? આવા સવાલો પ્રજામાં ફરી વળ્યા છે. લોકો કેન્દ્ર સરકાર પર અવિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. તો મોદીજીની લોકપ્રિયતાનો ગ્રાફ નીચે ઉતરી ગયો છે....અને તેનું કારણ કેન્દ્રના આરોગ્ય સચિવ રાજેશનું નિવેદન......! દરમિયાન કોરોના સંદર્ભે સર્વપક્ષીય બેઠક મળવાની છે જેમાં રસી બાબતે સવાલ ઊઠી શકે છે.....!

દેશમાં છેલ્લા ૮૯ દિવસથી નવા કૃષિ કાનૂનના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે અને કૃષિ કાનુનના વિરોધમાં ૯ જેટલાં રાજ્યોના ખેડૂતોની કુચે દિલ્હી રાજ્યને ભરડો લીધો છે મોટા ભાગના દિલ્હી પ્રવેશ રસ્તાઓ જામ થઈ ગયા છે જેની દિલ્હીમાં મોટી અસર થઈ છે. સરકાર અને ખેડૂત આગેવાનો વચ્ચે બેઠકનો દોર શરૂ થઇ ગયો છે પરંતુ ખેડૂતોની એક સુરથી વાત કરે છે કે નવો કૃષિ કાનુન તત્કાળ લોકસભા બોલાવી રદ કરો અને એમએસપી કાયદો બનાવવાની વાતને વળગી રહેતા સમાધાનનો રસ્તો નીકળ્યો નથી... ફરી શનિવારે ખેડૂત આગેવાનો સાથે બેઠક યોજાવાની છે.... પરંતુ કિસાનોની કૃષિ કાયદો રદ કરવાની માંગ નહીં સ્વીકારાય તો આંદોલન લાંબું ચાલી શકે છે.......! બાકી હતું તો હવે ખેડૂત આંદોલનના ટેકામાં ટ્રાન્સપોર્ટરો હડતાલ પાડવાના છે.પરિણામે દેશભરમાં વિકટ સ્થિતિ ઉભી થઈ શકે છે.....! તો સરકાર ખેડૂત આંદોલન સમેટાઈ જાય તે માટે જોરશોરથી અનેક પ્રયાસો કરી રહી છે.... પરંતુ સમાધાનની શક્યતા ધૂંધળી બની ગઈ છે કારણ ખેડૂતો નવા કૃષિ કાનુન રદ કરવાની માંગ પર અડી પડ્યા છે.....! વંદે માતરમ

## કેનેડાએ ખેડૂત આંદોલનને સમર્થન આપતા ભારતે ઉધડો લીધો

ન્યુ દિલ્હી,તા.૪

ભારતમાં કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં કુદી પડનારા કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ આપેલા નિવેદન બાદ ભારત સરકાર રોષે ભરાઈ છે.

ભારતના વિદેશ મંત્રાલયે આજે કેનેડાના હાઈ કમિશનરને બોલાવ્યા હતા અને ચીમકી આપી હતી કે, ભારતના આંતરિક મામલાઓમાં કેનેડાના નેતાઓની ટિપ્પણીને કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં નહી આવે.જો આ પ્રકારની હરકત કેનેડાના નેતાઓએ ચાલુ રાખી તો બંને દેશના સબંધો પર બહુ ગંભીર અસર પડી શકે છે.ખેડૂતોના મુદ્દા પર કેનેડાના નેતાઓએ કરેલી ટિપ્પણી બાદ કેનેડામાં ભારતની એમ્બેસી સામે ભીડ એકઠી કરનારા તત્વોને પ્રોત્સાહન મળ્યુ છે અને તેનાથી અમારા સ્ટાફની સુરક્ષાનો મુદ્દો ઉભો થયો છે. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ ભારતમાં ખેડૂતોનુ સમર્થન કરતા કહ્યુ હતુ કે, કેનેડા શાંતિપૂર્વક રીતે થતા પ્રદર્શન માટેના અધિકારીની હંમેશા તરફેણ કરે છે. ભારતમાં સ્થિતિ ચિંતાજનક છે અને અમે પરિવાર તથા દોસ્તોને લઈને પરેશાન છે. ટ્રુડોએ કેનેડામાં રહેતા પંજાબીઓની સહાનૂભૂતિ મેળવવા માટે ચંચૂપાત કર્યો હતો તે સ્પષ્ટ છે.સાથે સાથે કેનેડાના સંરક્ષણ મંત્રીએ પણ સ્થિતિને લઈને ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે, શાંતિપૂર્ણ રીતે થતા દેખાવો પર અત્યાચાર ચિંતાજનક કહી શકાય તેવી બાબત છે. લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધને મંજૂરી હોય છે અને હું આ અધિકારની તરફેણમાં છું.

### યુએન સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનના રિપોર્ટમાં ખુલાસો

# ભારતમાં ન્યૂનતમ મજૂરી પાકિસ્તાન, નેપાળ અને શ્રીલંકા કરતાં પણ ઓછી

**સમગ્ર વિશ્વ સરેરાશ ન્યૂનતમ માસિક વેતન ૯૭૨૦ રૂપિયા પ્રતિદિનની આસપાસ છે, જ્યારે ભારત માટે તે ૪૩૦૦ રૂ, પાકિસ્તાનમાં આ ૯૮૨૦ રૂપિયા અને નેપાળમાં ૭૯૨૦ રૂપિયા**

*યુએન,તા.૪*

ભારતમાં કોરોના મહામારીના કારણે લાગૂ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનની સૌથી માઠી અસર રોજ કમાઈને રોજ ખાનારા મજૂર વર્ગ પર પડી હતી. જો કે હવે સંયુક્ત રાષ્ટ્ર સાથે સંકળાયેલ આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનના રિપોર્ટમાં આ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે. તાજેતરના રિપોર્ટ મુજબ, ભારતમાં ન્યૂનતમ મજૂરી પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળ કરતા પણ ઓછી રહી છે. રિપોર્ટમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, ભારતમાં પ્રથમ અને બીજા તબક્કામાં લૉકડાઉન દરમિયાન બધુ બંધ હોવાના કારણે મજૂરોને કોઈ મજૂરી કે આવક નથી આપવામાં આવી. ૪૦ દિવસ સુધી ચાલેલા પ્રાથમિક ફેઝના લૉકડાઉનથી અસંગઠિત ક્ષેત્રના મજૂરોના વેતનમાં સરેરાશ ૨૨.૬ ટકાની કમી આવી છે. જો કે સંગઠિત ક્ષેત્રના મજૂરો લૉકડાઉનની અસરથી સુરક્ષિત રહ્યાં. જો કે તેમના વેતનમાં પણ ૩.૬ ટકાનો ઘટાડો નોંધવામાં આવ્યો. જણાવી દઈએ કે, ભારતમાં મજૂરો અને શ્રમજીવીઓના વેતન માપવા માટે ILOએ પોતાના ગ્લોબલ વેજ રિપોર્ટ ૨૦૨૧માં મીડિયન વૅલ્યૂને સ્થાન આપ્યું છે. હકીકતમાં મોટાભાગના દેશોમાં ક્ષેત્રો અને સેક્ટરોના આધાર પર અલગ-અલગ ન્યૂનતમ વેતન દર હોય છે. જ્યારે ભારતમાં ન્યૂનતમ વેતન માટે એક જ માપદંડ ૧૭૬ રૂપિયા પ્રતિદિવસ લાગૂ કરવામાં આવ્યો છે. જો કે આ હિસાબે પણ જોઈએ તો, વૈશ્વિક સ્તરે પણ ભારતની સ્થિતિ ઘણી ખરાબ છે.

જયાં એક તરફ સમગ્ર વિશ્વ સરેરાશ ન્યૂનતમ માસિક વેતન ૯૭૨૦ રૂપિયા પ્રતિદિનની આસપાસ છે, જ્યારે ભારત માટે તે ૪૩૦૦ રૂપિયા છે. આજ પ્રકારે પાકિસ્તાનમાં આ ૯૮૨૦ રૂપિયા અને નેપાળમાં ૭૯૨૦ રૂપિયા અને શ્રીલંકામાં ૪૯૪૦ રૂપિયા અને ચીનમાં ૭૦૬૦ રૂપિયા છે.

### કોરોના કરી અંગે સૌથી મોટા સમાચાર

## બુશ,ક્લિન્ટ અને ઓબામા ટીવી પર લાઈવ ઈવેન્ટમાં વેક્સિન લગાવે તેવી શક્યતા

*વૉશિંગ્ટન,તા.૪*

બ્રિટનમાં કોરોના વેક્સિનની મંજૂરી આપી દેવાઈ છે. અમેરિકામાં ઝડપથી ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનનું અપ્રુવલ મળી શકે છે. અમેરિકાના ૩ પૂર્વ પ્રેસિડેન્ટ્સે નિર્ણય કર્યો છે કે તે ટીવી પર લાઈવ ઈવેન્ટમાં વેક્સિન લગાવી શકે છે. જેની કવાયતનો હેતું લોકોમાં વેક્સિન અંગેની આશંકાઓ અને બીકને દૂર કરવાનો છે.

બીજી બાજુ, પ્રેસિડેન્ટ ઈલેક્ટ જો બાઈડન અને વાઈસ પ્રેસિડેન્ટ ઈલેક્ટ કમલા હેરિસે પણ સ્પષ્ટ કરી દીધું છે કે જેવી જ વેક્સિનને અપ્રુવલ મળશે, તેને જરૂર લગાવડાવશે. ખાસ વાત તો એ છે કે આ મામલામાં હજુ સુધી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કંઈ બોલ્યા નથી.

'ધ ગાર્જિયન'ના એક રિપોર્ટ પ્રમાણે, વાઈસ પ્રેસિડેન્ટ ઈલેક્ટ કમલા હેરિસે એ આશંકાઓ અંગે જવાબ આપી દીધો છે કે તેમને કોરોના વેક્સિન લગાવવા માટે થોડીક પરેશાની છે. હેરિસે કહ્યું કે, જેવી જ વેક્સિનને મંજૂરી મળશે તો હું તેને લગાવીશ. અમે બસ ફ્લ્ઢછની મંજૂરીની રાહ જોઈ રહ્યાં છીએ

બાઈડન અને હેરિસે CNNના જેક ટેપર શોમાં ભાગ લીધો અને તે વખતે ઘણા મહત્વના સવાલોના જવાબ આપ્યા. બાઈડને પણ સ્પષ્ટ કરી દીધું કે, તે વેક્સિન માટે પુરી રીતે સંતુષ્ટ છે કે તે એકદમ સુરક્ષિત હશે. બાઈડને કહ્યું કે, હું વેક્સિન લગાવવા માટે એકદમ તૈયાર છું. હું ઈચ્છું છું કે, હું આ વેક્સિન બધાની સામે લગાવું. તેના વિશે ડર અને આશંકાઓ ના રાખશો.

### દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શિક્ષકને મળ્યું સન્માન

## મહારાષ્ટ્રના પ્રાથમિક શિક્ષકે જીત્યો 'ગ્લોબલ ટીચર પ્રાઈઝ' એવોર્ડ, મળ્યા ૧૦ લાખ ડૉલર

*સોલાપુર,તા.૪*

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લા પરિષદ સ્કૂલના એક પ્રાઈમરી શિક્ષકે ૭ કરોડ રૂપિયાનું ઇનામ જીત્યું છે. રણજીત સિંહ ડિસલેને ગ્લોબલ ટીચર પુરસ્કાર માટે પસંદ થતા આ મોટી ઇનામી રકમ મળી છે. પહેલી વખત કોઇ ભારતીયને દુનિયાના સર્વશ્રેષ્ઠ ટીચર હોવાનું સમ્માન પ્રાપ્ત થયું છે. યુનેસ્કો અને લંડન સ્થિત વર્કી ફાઉન્ડેશન દ્વારા અપાતા ગ્લોબલ ટીચર પ્રાઇઝની જાહેરાત ગુરૂવાર ૩ ડિસેમ્બરના રોજ થઇ. સોલાપુર જિલ્લાના પતિતેવાડી ગામમાં શાળાના શિક્ષક રણજીતસિંહ ડિસલે એ આ પુરસ્કાર જીતી લીધો. લંડનના નેચુરલ હિસ્ટ્રી મ્યુઝિયમમાં સંપન્ન થયેલા સમારંભમાં સુપ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા સ્ટીફન ફ્રાય એ આ પુરસ્કારની જાહેરાત કરી.

દુનિયાના ૧૪૦ દેશોના ૧૨ હજારથી વધુ ટીચર્સે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કોરોનાની મહામારીની વચ્ચે ગામના બાળકોએ અભ્યાસ ચાલુ રાખવા અને છોકરીઓને શિશ્રણ સુનિશ્ચિત કરવા માટે તેમને આ પુરસ્કાર મળ્યો છે. છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા અને ભારતમાં ત્વરિત-પ્રતિક્રિયા કોડિત પાઠ્યપુસ્તક ક્રાંતિને ગતિ આપવાના પ્રયાસોના લીધે રણજીત સિંહને આ ઇનામ મળ્યું.

૨૦૧૪મા વાર્કી ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત વાર્ષિક પુરસ્કાર માટે દુનિયાભરમાંથી ૧૦ ફાઇનલિસ્ટ પસંદ કરાયા. આ પુરસ્કાર એવા વિલક્ષણ શિક્ષકને અપાય છે જેમણે પોતાના શિક્ષણ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હોય.

મહારાષ્ટ્રના રાજયપાલ ભગત સિંહ કોશ્યારી તેમજ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે એ આ ઉપલબ્ધિ માટે અભિનંદન પાઠવ્યા.

રણજીત સિંહ ડિસલે એ ઇનામી રકમમાં ૫૦ ટકા રકમ અંતિમ તબક્કા સુધી પહોંચાડનાર ૯ બીજા ટીચર્સની સાથે વહેંચવાની જાહેરાત કરી છે. તેના લીધે હજારો વિદ્યાર્થીઓની સ્કોલરશીપ દ્વારા અભ્યાસ કરવાની તક મળશે. આ સમારંભ વર્ચુઅલ આયોજીત કરાયો હતો.

### પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારોઃ ભાવ છેલ્લા ૨ વર્ષના શિખરે પહોંચ્યા



*ન્યુ દિલ્હી,તા.૪*

સરકારી ઓઇલ કંપનીઓએ આજે ફરી એકવાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો ઝીંકયો છે. આજે પેટ્રોલના ભાવમાં ૨૦ પૈસા તો ડીઝલના ભાવમાં ૨૩ પૈસા પ્રતિ લીટરનો વધારો કર્યો છે. દિલ્હીનો ભાવ જોઈએ તો શુક્રવારે પેટ્રોલ ૮૨.૮૬ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૭૩.૦૭ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું. પેટ્રોલ-ડીઝલના ભાવ દેશમાં ૨૫ મહિનાના ઉચ્ચ સ્તર પર પહોંચી ગયા છે. મધ્ય પ્રદેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સૌથી વધુ છે. અહીં પ્રતિ લીટર પેટ્રોલનો ભાવ ૯૦.૬૨ રૂપિયા અને ડીઝલનો ભાવ પ્રતિ લીટર ૮૦.૮૩ રૂપિયા છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં ઐતિહાસિક ઘટાડા બાદ લોકો રાહતની આશા રાખી રહ્યા હતા. પરંતુ લોકોને કેન્દ્ર સરકારે આંચકો આપ્યો હતો. સરકારે પેટ્રોલ પર ૧૦ રૂપિયા અને ડીઝલ પર ૧૩ રૂપિયા પ્રતિ લીટર એકસાસાઇઝ ડ્યૂટી વધારી દીધી હતી. આ પહેલા વર્ષે ૨૦૧૪માં પેટ્રોલ પર ટેકસ ૯.૪૮ રૂપિયા પ્રતિ લીટર હતો અને ડીઝલ પર ૩.૫૬ રૂપિયા. નવેમ્બર ૨૦૧૪થ્રક જાન્યુઆરી ૨૦૧૬ સુધી કેન્દ્ર સરકારે તેમાં નવ વાર વધારો કર્યો. આ ૧૫ સપ્તાહમાં પેટ્રોલ પર ડ્યૂટી ૧૧.૭૭ અને ડીઝલ પર ૧૩.૪૭ રૂપિયા પ્રતિ લીટર વધી હતી.

### મમતા બેનર્જીની વડાપ્રધાન મોદીને ચેતવણી

## કૃષિ કાયદા પર ખેડૂતોની માંગ ન સ્વિકારવામાં આવે તો દેશવ્યાપી આંદોલન કરીશું

*કલકત્તા,તા.૪*

પશ્ચિમ બંગાળના રાજકારણમાંથી લાલ કિલ્લો ઉખાડી ફેકનાર તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનરજી રાજકારણના માહેર ખેલાડી છે. મમતા બેનરજીએ આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખતા પ્રચાર શરૂ કર્યો છે. મમતા બેનરજી સારી રીતે સમજે છે કે ખેડૂત આંદોલનને લઇને મોદી સરકાર દબાણમાં છે. એવામાં તેમણે કૃષિ કાયદા પર ખેડૂતોની માંગ ના માનવા પર દેશવ્યાપી આંદોલનની ચેતવણી આપી છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આંદોલન કરતા ખેડૂતોની માંગો ના માનવા અને સરકાર દ્વારા તારીખ પર તારીખ આપવામાં આવતા ચિંતા વ્યક્ત કરી છે. મમતા બેનરજીએ ટ્વીટ કર્યુ, "હું ખેડૂતો, તેમના જીવન અને આજીવિકા વિશે ઘણી ચિંતિંત છું. ભારત સરકારે ખેડૂત વિરોધી કાયદાને પરત લેવો જોઈએ, જો આવુ ના થયુ તો અમે આખા રાજ્ય અને દેશમાં આંદોલન કરીશું. અમે આ ખેડૂત વિરોધી કાયદાનો કડક વિરોધ કરીએ છીએ.'

મમતા બેનરજીએ કહ્યુ કે, કેન્દ્ર સરકાર બધુ વેચી રહી છે, તેમણે કહ્યુ, 'તમે રેલ્વે, એર ઈન્ડિયા, કોલસા, બીએસએનએલ, બીએચઈએલ, બેક્રને વગેરેને નથી વેચી શકતા. મમતાએ કહ્યુ, ભાજપના નેતૃત્વ ધરાવતી રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન સરકાર અલેખિત વિઘટનકારી અને ખાનગીકરણની નીતિ પરત લઈ લે, અમે અલ્ટીમેટમ આપ્યુ છે.'

## મમતા બેનરજીના લોહીમાં એવુ શું છે કે જય શ્રી રામ બોલી શકતા નથી?: ભાજપ

*કલકત્તા,તા.૪*

પશ્ચિમ બંગાળ ભાજપના પ્રદેશ અધ્યક્ષ દિલિપ ઘોષે પશ્ચિમ બંગાળના સીએમ અને તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનરજી માટે અત્યંત આપત્તિજનક શબ્દનો પ્રયોગ કર્યો છે.

દિલિપ ઘોષે કહ્યુ હતુ કે, મમતા બેનરજી ભગવાન રામની ધરતી પર એક હરામીની જેમ વ્યવહાર કરે છે. આખરે મમતાના લોહીમાં એવુ શું છે કે, તે જય શ્રી રામ નથી બોલી શકતી.મમતા બેનરજી કહે છે કે, આપણે બદલો નથી લેવાનો પણ બદલાવ કરવાનો પણ હું કહેવા માંગુ છું કે, ભઆજપ સત્તામાં આવશે એટલે અમારા કાર્યકરોની હત્યાનો બદલો લેવામાં આવે.

દિલિપ ઘોષ સતત વિવાદીત બયાન આપતા રહ્યા છે.આ પહેલા તેમણે પશ્ચિમ બંગાળની સરખામણી કાશ્મીર સાથે કરીને કહ્યુ હતુ કે, અહીંયા આતંકવાદી સંગઠનો સક્રિય બની ગયા છે. જોકે બંગાળમાં જય શ્રી રામના મુદ્દા પર બબાલ અગાઉ પણ થઈ ચુકી છે.૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં ભાજપ તરફથી આ નારો ઉછાળવામાં આવ્યો હતો ત્યારે પણ મમતા બેનરજી રોષે ભરાયા હતા.મમતા બેનરજીનો આરોપ હતો કે, ભાજપે આ નારાને રાજકીય સ્વરુપ આપ્યુ છે.

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૧ ના મે મહિનામાં વિધાનસભાની ચૂંટણી યોજાવની છે અને ભાજપે અત્યારથી જ ચૂંટણી માટે આક્રમક પ્રચાર શરુ કરી દીધો છે.

### દેશના ૨૦-૨૫ કેન્દ્રો પર ૨૫૦ કોરોના દર્દીઓ પર ટ્રાયલ કરાશે

## ઝાયડ્સ કેડિલાને કોરોના વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલ માટે મંજૂરી મળી

*ન્યુ દિલ્હી,તા.૪*

ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ આજે ઝાયડસ કેડિલાને તેની કોરોના વેક્સિનના ત્રીજા તબક્કાના ટ્રાયલ માટે મંજૂરીઆપી છે. કંપનીએ જણાવ્યું હતું કે તે કલીનીકલ ટ્રાયલમાં તેની બાયોલોજીકલ થેરાપી પેગીલેટેડ ઈન્ટરફેરોન અલ્ફા-૨બી - પેગીહે...TM નું કોવિડ-૧૯ના દર્દીઓ પર ટૂંક સમયમાં પરીક્ષણ શરુ કરશે.

ઝાયડસે જણાવ્યું હતું કે, પ્રારંભિક તબક્કે દેશના ૨૦-૨૫ કેન્દ્રો પર ૨૫૦ લોકો પર આ વેક્સિનનું ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવામાં આવશે. બીજા તબક્કામાં કોરોનાના પ્રાથમિક લક્ષણો ધરાવતા ૪૦ દર્દીઓ પર પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કેડિલા હેલ્થકેર લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શર્વિલ પટેલે જણાવ્યું હતું કે, પેગીલેટેડ ઇંટરફેરોન આલ્ફા ૨-બીના બીજા તબક્કાના અભ્યાસના પરિણામોથી અમને પ્રોત્સાહિત થયા છીએ. અમે જોયું છે કે વાયરસના શરૂઆતના તબક્કામાં આ રસીના ઉપયોગથી વાયરસ ટાઈટર્સ ઘટાડે છે. રોગમાં સલામત એવા કોવિડ સામે લડવા માટેના શક્ય સારવાર વિકલ્પો તરફ ધ્યાન આપવાના અમારા પ્રયત્નો છે જે સલામત છે. આ રસી રોગની તીવ્રતા ઘટાડી શકાય છે.

કંપનીએ દાવો કર્યો છે કે પેગીલેટેડ ઈન્ટરફેરોન અલ્ફા-૨બીના બીજા તબક્કાના ક્લિનિકલ ટ્રાયલ દરમિયાન કોરોનાના ૯૫% દર્દીઓ સાજા થઇ ગયા હતા. કંપનીએ જણાવ્યું હતું કે, રસી અપાયાના ૭ દિવસની અંદર જ આવા દર્દીઓમાં રીકવરી જોવા મળી હતી અને જયારે ૧૪માં દિવસે તેમનો RT-PCR નેગેટીવ આવ્યો હતો.

ઝાયડસ કેડિલા ભારતની સાથે સાથે આ વેક્સિનનું મેક્સિકોમાં પણ ટ્રાયલ થઇ રહ્યું છે. મેક્સિકોમાં ફેઝ-૨ ચાલી રહ્યો છે. કંપની USFDA સાથે મળીને પેગીલેટેડ ઇંટરફેરોન આલ્ફા -૨ બી માટે USFમાં યોગ્ય ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવા માટે એક ઇન્વેસ્ટિગેશનલ ન્યૂ ડ્રગ (IND) એપ્લિકેશન ખોલવા માટે પણ કામ કરી રહી છે.

# ભારતે વિશ્વભરમાં કોરોના વેક્સીનના ૧૬૦ કરોડ ડોઝ બુક કરાવ્યાં

*લંડન,તા.૪*

કોરોનાની રસીના 'કન્ફર્મ ડોઝ' બૂકિંગના મામલે ભારત દુનિયામાં પહેલા નંબર પર છે. અત્યાર સુધીમાં તે ૧.૬ બિલિયન એટલે કે ૧૬૦ કરોડ વેક્સીનના ડોઝના ઓર્ડર આપી દીધા છે. એટલે કે ૮૦ કરોડ લોકો માટે પૂરતા ડોઝનુ બૂકિંગ થઈ ગયું છે. ડ્યુક યુનિવર્સિટી દુનિયાભરના વેક્સીન માટેના ઓર્ડર પર નજર રાખી રહી છે. ૩૦ નવેમ્બર સુધીનો યુનિવર્સિટી પાસે ડેટા છે જેમાં




ભારતે સૌથી વધારે ડોઝ યુરોપિયન યુનિયનએ બૂક કરી રાખ્યા છે, જ્યારે અમેરિકા ત્રીજા નંબર પર છે. ઈંને ૧.૫૮ બિલિયન ડોઝ મળશે અને અમેરિકાને ૧૦૦ કરોડથી વધારે. શરત એટલી છે કે વેક્સીન ટ્રાયલમાં સફલ સાબિત થાય અને તેના ઉપયોગની મંજૂરી મળે. ઓક્સફોર્ડ એસ્ટ્રોજેનની વેક્સીન લગભગ તમામે બૂક કરી રાખી છે. સૌથી વધારે ૧.૫ બિલિયન ડોઝ આ જ વેક્સીનના બૂક થયા છે. ભારત સિવાય અમેરિકાએ પણ તેના ૫૦૦ મિલિયન ડોઝનો ઓર્ડર આપ્યો છે. આ સિવાય નોવાવેક્સની વેક્સીનની ૧.૨ બિલિયન ડોઝ પણ બૂક થઈ ગયા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને નવેમ્બરમાં કહ્યું હતું કે ભારતે જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૧ સુધી ૫૦ કરોડ ડોઝ મેળવવા માટે વેક્સીન નિર્માતાઓના સંપર્કમાં છે. ડ્યુક યુનિવર્સિટીના ડેટા દર્શાવે છે કે ભારતે અત્યાર સુધીમાં ત્રણ ગ્લોબલ વેક્સીન કેન્ડિડેટ્સની ડીલ કરી છે. અમેરિકા અને ઈંએ ૬-૬ વેક્સીન નિર્માતાઓ સાથે સોદો કર્યો છે. સૌથી વધારે કંપનીઓ સાથે ડીલ કેનેડા અને યુનાઈટેડ કિંગડમ (UK) છે જેમણે ૭ ડેવલપર્સ પાસે ૩૫૦ મિલિયનથી વધારે ડોઝ બૂક કરી રાખ્યા છે. યુનિવર્સિટીના એનાલિસિસમાં ચીન અને રશિયાનો સમાવેશ નથી થતો. આ બન્ને દેશોમાં પોતાના નાગરિકો માટે અલગ-અલગ વેક્સીન કેમ્પેન ચાલી રહ્યા છે. ભારતને એસ્ટ્રાજેનેકાથી ઓક્સફોર્ડ યુનિવર્સિટીના ૫૦૦ મિલિયન ડોઝ મળશે. આ વેક્સીન દેશમાં કોવિશીલ્ડ નામથી ઉપલબ્ધ હશે. એસ્ટ્રાજેનેકાએ સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા સાથે ૧ બિલિયન જોઝની ડીલ કરી છે. SII દુનિયાની સૌથી મોટી વેક્સીન નિર્માતા છે. પાછલા દિવસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ SIIની વેક્સીન ફેસેલિટીની મુલાકાત કરીને વેક્સીન ડેવલપમેન્ટ પર અપડેટ લીધી હતી.

CYMK




૧૦૧ વરસ પહેલાં આવું લોક ડાઉન થયું હતું તેની એક ઝલક

## 'ટાઇમ'ની પહેલી 'કિડ ઓફ ધ યર' બની ભારતીય-અમેરિકન ગીતાંજલિ રાવ

ન્યૂયોર્ક,તા.૪

ભારતીય મૂળની ૧૫ વર્ષીય અમેરિકન કિશોરી ગીતાંજલિ રાવને તેના શાનદાર કાર્ય માટે ટાઈમ મેગેઝિનએ સૌ પ્રથમ 'કિડ ઓફ ધ યર'ના ટાઇટલથી સન્માનિત કરી છે. તે એક મેધાવી યુવા વૈજ્ઞાનિક તથા ઇન્વેન્ટર છે. ગીતાંજલિએ ટેક્નોલોજીનો ઉપયોગ કરી દૂષિત પેયજળથી લઈને અફીમની લત અને સાઇબર ફ્રોડ જેવા મુદ્દાઓના ઉકેલના મામલામાં શાનદાર કાર્ય કર્યું છે. ટાઈમે કહ્યું કે, આ દુનિયા એ લોકોની છે જે તેને આકાર આપે છે. ટાઈમના પ્રથમ Kid of the Year માટે ૫૦૦૦થી વધુ દાવેદારોમાંથી ગીતાંજલિની પસંદગી કરવામાં આવી છે. ટાઈમ સ્પેશલ માટે અભિનેત્રી અને સામાજિક કાર્યકર્તા એન્જલીના જોલીએ તેની સાથે ઇન્ટરવ્યૂ કર્યો. ગીતાંજલિએ કોલેરેડો સ્થિત પોતાના ઘરથી જોલી સાથે ડિજિટલ માધ્યમોથી કરવામાં આવેલી વાતચીત દરમિયાન પોતાની પ્રક્રિયા વિશે જણાવ્યું કે, અવલોકન કરો, વિચારો, રિસર્ચ કરો, નિર્મિત કરો અને તેને દર્શાવો. ટાઈમના જણાવ્યા મુજબ ગીતાંજલિએ કહ્યું કે, દરેક સમસ્યાનો ઉકેલ શોધવાનો પ્રયાસ ન કરો, પરંતુ તેની પર ધ્યાન કેન્દ્રીત કરો જે આપને પ્રેરે છે. જો હું આ કરી શકું છું તો કોઈ પણ આ કરી શકે છે. ગીતાંજલિએ કહ્યું કે તેની જનરેશન અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે જે પહેલા ક્યારેય સામે નથી આવી. તેણે કહ્યું કે, પરંતુ તેની સાથે અમને જૂની સમસ્યાઓનો પણ સામનો કરવો પડી રહ્યો છે જે હજુ પણ અડચણરૂપ છે. જેમકે અમે અહીં એક નવી વૈશ્વિક મહામારીનો સામનો કરી રહ્યા છીએ અને અમે હજુ પણ માનવાધિકારોના મુદ્દાનો સામનો કરી રહ્યા છીએ. આવી સમસ્યાઓલ છે જે અમે ઊભી નથી કરી પરંતુ તેનો હવે અમારે ટેક્નોલોજીના માધ્યમથી ઉકેલ શોધવાનો છે, જેમકે જળવાયુ પરિવર્તન અને સાઇબર અટેક.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ગદ્ય લેખ

NG : 055

વિષય : સમયના વહેણ

વિભાગ : ગદ્ય

પ્રકારઃ લેખ

સમયની ગતિ કરતા પણ વધુ ઝડપથી ગતિ કરતા રહેલાં સમયચક્ર ને કોણ માપી શક્યું છે? સમયની સાથે પ્રત્યેક ક્ષણે બદલાય રહ્યો છે માનવી અને માનવીય મૂલ્યો..મૂલ્યોને મૂલવવાની દોડથી થાકતા, ભાગતા અને લક્ષ્ય હીન ગતિ કરતા આ માનવની દોટ ક્યાં જઈને અટકશે તે તો સમય જ બતાવશે, પરંતુ સમયની સરાણ પર એક પ્રશ્ન ચોક્કસ થાય કે આ કાળા માથાની માનવજાત સમયનું આટલું મહત્વ કરે તેના કરતાં સમયને પામવા પ્રયત્ન કેમ નથી કરતો?

સમય બાંધી નથી શકાતો પણ પામી તો શકાય ને? સમયનું વહેણ ભલે બદલી ન શકાય પણ તેમાં તરી તો શકાય ને?

આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ આપ્યો અને દુનિયા જાણે ન્યાલ થઈ ગઈ, તેને સમયનું પરિમાણ સમજાવવાનો પ્રયાસ પણ કર્યો પરંતુ સનાતન સત્ય એ છે કે

" સમય બડા બલવાન
નહી મનુજ બલવાન
કાબે અર્જુન લૂંટયો
વહી ધનુષ, વહી બાણ."

શ્રદ્ધા ભટ્ટ

વાપી....

-------------------------------------

NOG NO: 004

વિભાગઃ ગદ્ય(લેખ)

શબ્દઃ સમયના વહેણ

શીર્ષકઃ સમયની ઓળખ

સમય સમયનું કામ કરે છે. ઈતિહાસ તો જ રચાય છે. જીવનમાં સમયનું મહત્વ જો સમજાય જાય તો કાર્યોનું કામ સરળ રીતે પાર પડેને ક્યારેય પસ્તાવાનો વારો જ ન આવે.

સાબરમતીને કિનારે આશ્રમ બાંધી બાપુએ આઝાદીને નવી રાહ આપી. સુભાષચંદ્ર બોઝે ખૂનમાંગ્યું ને બદલામાં આઝાદી મળવાની વાત કરી. સરદારે રાજ્યોને એકઠા કરી સંગઠિત ભારતની ઈચ્છા કરી.

એવી આઝાદી પછીનાં આપણે આઝાદ માનવોએ સમય સાથે ચાલવાનું સ્વીકારી આધુનિક ભારતની રચના કરી. આજે છતાં આપણે ખમીર વેંચીને બેઠા છીએ.એવું લાગી રહી છું. ભારત મારું સ્વપ્ન છે. તેથી કે ગમે તે હોય પણ પરદેશ રહેતા ભારતીય લોકો જ્યારે કહે છે કે અમે અમારા ભારતને નથી ભૂલી શકતા ત્યારે મને વિશ્વ જીતવા નીકળેલા નેપોલિયનની યાદ આવી જાય છે!

ભારતમાં શું નથી હિમાલયથી લઈ કન્યાકુમારી સુધીની સંસ્કૃતિ આપણને સમય સાથે ને સમયના વહેણમાં જ ખેંચી જાય છે. આધુનિક આઈ.ટી ઉદ્યોગનાં ઉચ્ચ સ્તરે આજે ભારતનું નામ રખાય છે.ભારતે સમયનાં વહેણને ઓળખ્યું છે, પણ ભારતના લોકો રામનાં સમયનાં ધોબી જેવા છે, કારણ પોતાના દેશની કોઈપણ પ્રગતિને કે વિકાસને ખરેખર જ શંકા અને અવિશ્વાસના ધોરણે તોલે છે. મંદિરોમાં ભગવાન શોધે છે અને તેને શણગારે છે.ચારે દિશામાં કરોડોના ભગવાન છે, પણ ભારતના વિકાસમાટે કરોડો નહિ ટેક્સ રૂપી કોડી પણ ખર્ચતા નથી. ૧૦૦રૂપિયાનો ટેક્સ વધી જાય તો મોર્ચા કાઢે છે.પણ અંધ શ્રદ્ધાનાં પૂજાપાઠમાં પાંચસો રૂપિયા ખર્ચી મનોબળ વધું નબળું કરે છે.

સમયના વહેણને સ્વીકારો, આંખ ખોલો. ભારત જ જન્મભૂમિ છે.કર્મ ભૂમિ બનાવો.રોજ એક રૂપિયો દેશને નામ જમા કરો જેટલી વસ્તી છે ભારતની એટલા કરોડ જમા થશે ને જરૂર વિકાસ થશે.સમયની ઓળખ સાથે ભારતની ઓળખ પણ કરો, કરાવો.

જયશ્રી પટેલ.....

-------------------------------------

NOG No:00

વિભાગ :ગદ્ય (લેખ)

શબ્દઃ સમયના વહેણ

શીર્ષકઃ

સમયનું વહેણઃ

અચાનક વરસો પછી આજે ગામડે જવાનું થયું.

જેમ જેમ ગામનું પાદર નજીક આવતું ગયું એમ એમ મારી ગાડીની ગતિ ધીમી પડતી ગઈ.યાદોનાં ટોળેટોળાં જાણે સામા પવને આવીને મને અથડાવા લાગ્યાં.

પાદર પહોંચીને ગાડી થંભી ગઈ.ગામના પ્રવેશદ્વારે જ આવેલી મારી નિશાળે પણ નવો અવતાર ધારણ કરી લીધો હતો.

જૂના બિલ્ડીંગની જગ્યાએ એક નવો જ ઢાંચો,સુંદર હોવા છતાં મનને ખટકવા લાગ્યો.નિશાળના દરવાજે પહોંચતા સુધીમાં તો એ લીમડા,ખીજડા અને જાળાની આજુબાજુ દોડતો ગઈકાલનો કનિયો જ આંખોની સામે હતો.આ કનિયો એટલે જ હું,આજનો ડો.કિશોર ઠક્કર.

હિંમત કરીને સ્કૂલમાં ગયો,નવા વર્ગખંડ, નવી પાટલીઓ અને નવા શિક્ષકો..

બધું અડવું અડવું લાગતું હતું.

ફરતો ફરતો છેવટે હું છેલ્લે આવેલા ભંગારરૂમમાં પહોંચ્યો.મને જોઈને ત્યાં જીર્ણ અવસ્થામાં રહેલી પાટલીઓમાંથી એક પાટલીએ સહેજ ડોકું બહાર કાઢ્યું,

"અરે આ તો મારી જ પાટલી...." હું જઈને એને ભેટી પડ્યો.

હજુ પણ ત્યાં એ પાટલી પર મારું નામ એમ જ કોતરાયેલું હતું,

અકબંધ....

'પાટલીની એ ઈન્તજાર કથા જોઈને મારી આંખમાંથી પણ બે આંસુ સરી પડ્યાં,

નિશાળની બહાર આવીને તરત જ મારી નજર એ તળાવની પાળના વડલા પર ગઈ....

મારો વડલો ક્યાં? મેં તળાવ બાજુ દોટ મૂકી,એ પાળ પર વડલાની જગ્યાએ એક મોટો ખાડો,ફરી મારી આંખમાંથી બે આંસુ સરી પડ્યાં.મેં બાજુમાંથી મુઠ્ઠીભર માટી લઈને એ ખાડામાં પધરાવી.

અને મારા મનમાં તત્કાળ બે પંક્તિઓ આકાર પામી,

'હવે એ તળાવની પાળ પરનો વડલો નથી રહ્યો,

ક્યાં ફંફોસું કિશોર હવે હું મારું એ બાળપણ'

આખરે ગામને પાદર આવેલા અને પડું પડું થઈ રહેલા એ વરસો જૂના ચબૂતરાના ઓટે જઈને હળવેથી બેઠો.

ત્યાં તો મારા જ વાસનો એક સાત આઠ વરસનો છોકરો ત્યાંથી નીકળ્યો,

મને જોઈને બોલ્યો,તમે જ 'કનુ'કાકાને...

અને એ 'કનુકાકા આવ્યા,કનુકાકા આવ્યા' એમ બોલતો બોલતો મારા ઘર તરફ ભાગ્યો.

મારી નજર એ ભાગતા છોકરાએ પહેરેલી વાદળી ચડ્ડીને દૂર જતાં જોઈ જ રહી....

જોઈ જ રહી.

ડો.કિશોર ઠક્કર

ગાંધીધામ.કચ્છ.'કિશન વઢિયારી'

-------------------------------------

NG no.-0050

વિષય - સમયના વહેણ

સમય ને સાદી ભાષામાં કહીએ વખત, કાળ ,અવસર, સંજોગ,સંકેત. સમય માં સેંકેન્ડ, કલાક, મિનીટ ,વષે, મહિનો , જગ્યા પરનું અંતર કયારેક સમયના વહેણ સાથે બદલાઈ જાય છે.

રામાયણમાં કહ્યું છે ,"કાળ અનંત બ્રહ્માંડોને ગળી જનારો છે."

સેંકડે કલ્પ વિતતા અસ્ત ને ઉદય નથી થતા , સ્વર્ગ ને નરકના ચક્રવ્યુહનાં ફેરા ફરે છે વહેણ બદલાય સમય સાથે.

હવે તો સમયને પણ કેદ કર્યો છે મોંઘાદાટ મોબાઈલના સક્રીન પર મોંઘા ઘડીયાળ ખરીદી લઈએ રૂપિયા ખર્ચતા પણ સમયને લાવી નથી શકતા પાછો. સમય ને ઓળખો,પારખો વહેણ બદલાતા કુદરતની પડશે થપાટ મુખ પર. સમયને સાંધશું તો સમય આપણને સાચવશે. કઈ દિશામાં છે વહેણ તેનો રંગ રૂપ આપણી મનોદશા પર આધાર રાખે છે.

બાળપણ થી જુવાની ને પછી ઘડપણ કેવો સમય ક્યારે વહેણ બદલી હરણફાળ ભરશે જિંદગીને ખબર નહીં પડે.સમય નથી જોતો નિર્ધન કે તવંગરને, રાજા કે રંકને, માણવા જેવો કે જીવવા જેવો આપણી પર આધાર રાખે છે.

ઘડિયાળ તો માનવે બનાવી છે પણ સમય તો કુદરતે આપેલી અણમોલ ભેટ છે.નથી કાનો કે માત્ર સમય ને પણ તાકાત ઘણી છે.એક પલકમાં કરોડપતિ ને રોડપતિ બનાવી દે...!

દરેક રોગની દવા છે ,ઈલાજ છે ઘા ભરવા તો મલમ છે. સમયને સાધનાર ઈશ છે એટલે કહીએ છીએ "સમય મારો સાધ જે વહાલા ,કરું હું તો કાલાવાલા." કોઈની રાહ નથી જોતો સમય.

અષ્ટવક્ર ગીતામાં કહ્યું છે,"જન્મ - મૃત્યુ,
સફળતા - અસફળતા, સંપતિ- વિપતિ, ગરીબી- અમીરી બધું સમય સાથે બદલાય છે.

નસીબમાં સમયથી પહેલા કયારેય કશું મળતું નથી. યાચક યુધિષ્ઠિર પાસે કંઈક માંગે છે.ત્યારે કાલે બોલાવે છે .ભીમે કહ્યું ,"મહારાજે કાળ પર વિજય પ્રાપ્ત કર્યો છે. કાલે જીવતા હશું કોને ખબર છે માટે જે કરવું હોય તે આજે જ કરજો."

શ્રી કૃષ્ણ કહે છે ,"સમય છે તે હું છું. દુઃખ ને સુખ મારા વહેતા પ્રવાહ છે."

ભાગ્યની રેખા પાસે કોઈનું કાંઈ ચાલે નહિ ,કરેલા કમે પ્રમાણે મળે ફળ મળે.માનવ કઠપુતળી બની જીવનના રંગમંચ પર ઈશનો મહોરો બનીને નાચે છે.સમય પુરો થતા પૃથ્વી પરથી ચાલતો થાય છે,જિંદગીનાં શ્વાસો પૂર્ણ થતા ના એક વધારે કે એક ઓછો શ્વાસ લઈ શકે છે.માયા સંકેલી લેવી પડે છે.સ્વનો અહંમ જ સ્વ ને પછાડે છે. તણાવા કરતા વહેવું વહેણમાં વધુ સારું છે. સમય મહાન છે માટે તો "સમયના વહેણને ઓળખી ,પહેલા જાગી જવું જોઈએ...!"

રાગીની શુક્લ"રાગ"

(મુંબઈ ,કાંદિવલી)




# કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધ્યાઃ કપાસ, સીપીઓ, મેન્થા તેલના વાયદામાં સાર્વત્રિક વૃદ્ધિ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૭૧,૪૮૩ સોદામાં રૂ.૧૦,૩૨૨.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું ઘટવા સામે ચાંદી વધીને ટ્રેડ થઈ રહી હતી. તમામ બિનલોહ ધાતુઓમાં એકંદરે વૃદ્ધિ વાયદાના ભાવમાં થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલનો વાયદો વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સેંકડા વધી આવ્યા હતા. કપાસ, સીપીઓ અને મેન્થા તેલમાં સાર્વત્રિક વૃદ્ધિ વાયદાના ભાવમાં થઈ હતી.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૯૮૩૬ સોદાઓમાં રૂ.૫૧૭૩.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૩૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૩૫૦ અને નીચામાં રૂ.૪૯૩૫૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૯ ઘટીને રૂ.૪૯૩૫૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૪૮૫ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૩૬ થયા હતા, જ્યારે સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૫ વધીને બંધમાં રૂ.૪૯૪૧૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૨૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૧૭૦ અને નીચામાં રૂ.૬૨૩૫૨ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૯ વધીને રૂ.૬૨૮૬૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૩૪૨ વધીને રૂ.૬૩૯૫૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૩૩૪ વધીને રૂ.૬૩૯૩૬ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૦૨૧૭ સોદાઓમાં રૂ.૨૧૦૪.૫૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૪૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૪૯ અને નીચામાં રૂ.૩૩૯૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૨ વધીને રૂ.૩૪૧૭ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૨૮૬ સોદાઓમાં કુલ રૂ.૩૯૦.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૧૯૭૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૯૯૦ અને નીચામાં રૂ.૧૯૭૯૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૦ વધીને રૂ.૧૯૯૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૮૮૪.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫.૨ વધીને બંધમાં રૂ.૮૯૫.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૦ અને નીચામાં રૂ.૯૪૫ રહી, અંતે રૂ.૯૪૮.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૮૩.૫ અને નીચામાં રૂ.૧૧૭૧ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬.૫૦ વધીને રૂ.૧૧૮૨ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૬૩૦૫ સોદાઓમાં કુલ રૂ.૨૪૩૮.૩૪ કરોડ ની કીમતનાં ૪૯૪૪.૪૧૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૩૫૩૧ સોદાઓમાં કુલ રૂ.૨૭૩૫.૧૧ કરોડ ની કીમતનાં ૪૨૭.૪૬૮ ટન, ક્રૂડ તેલમાં ૬૬૭૩ સોદાઓમાં રૂ.૪૫૧.૧૧ કરોડનાં ૧૩૧૬૮૦૦ બેરલ્સ, કોટનમાં ૨૫૪ સોદાઓમાં રૂ.૧૯.૬૫ કરોડનાં ૯૮૫૦ ગાંસડી, સીપીઓમાં ૨૯૯૫ સોદાઓમાં રૂ.૩૬૮.૧૬ કરોડનાં ૪૧૩૦૦ ટન, મેન્થા તેલમાં ૧૩ સોદાઓમાં રૂ.૧.૬૪ કરોડનાં ૧૭.૨૮ ટન, કપાસમાં ૨૪ સોદાઓમાં રૂ.૫૮.૯૮ લાખનાં ૧૦૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૪૧૮.૪૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૮૯.૨૯૮ ટન, ક્રૂડ તેલમાં ૧૮૧૭ બેરલ્સ, કોટનમાં ૬૫૮૫૦ ગાંસડી, સીપીઓમાં ૮૮૩૯૦ ટન, મેન્થા તેલમાં ૧૨૫.૨૮ ટન અને કપાસમાં ૫૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૨.૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૬ અને નીચામાં રૂ.૧૮૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૭૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૦૦ અને નીચામાં રૂ.૯૬૯ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૯૮૨ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૩૫૧૮.૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૩૩ અને નીચામાં રૂ.૩૫૧૮.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૩૬૫૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૬૪૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૪૦૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૩૩ અને નીચામાં રૂ.૩૯૪૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૦૧૫.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫.૫ ખૂલી, ઊપરમાં રૂ.૫.૫ અને નીચામાં રૂ.૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૦ અને નીચામાં રૂ.૧૧૭.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૭.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૧૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૩.૫ અને નીચામાં રૂ.૧૦૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૯.૭ બંધ રહ્યો હતો.



ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદી માઁ ના વડલે દિકરી દેવો ભવઃ યોજના અંતર્ગત આજે જરુરીયાત મંદ દિકરીના વિનામૂલ્યે લગ્ન નું આયોજન સંસ્થાના માનદ્ મેનેજિંગ ટ્રસ્ટી એવા સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસ દ્વારા સરકારશ્રીની ગાઈડ લાઈન નું પાલન કરીને કરવામાં આવ્યું હતું. આ લગ્ન પ્રસંગે દાતાશ્રી ધર્મેશભાઇ ઝવેરભાઈ પ્રજાપતિ વડોદરાના પરિવારજનોએ ઉપસ્થિત રહી દિકરી પુજા ઠાકોરને આશીર્વાદ પાઠવી લક્ષ્મી સ્વરુપા દિકરીની શ્રી દિનેશભાઇ વ્યાસ તેમજ દાતા પરિવાર અને સૌ સ્વજનોએ સાથે મળીને આરતી ઉતારી વંદના કરી હતી. આ દિવ્ય વાતાવરણમાં પ્રભુતામાં પગલાં પાડનાર નવ દંપતિને આશીર્વાદ પાઠવ્યા હતાં. રણની અંદર મીઠી વિરડી સમાન સેવાને વરેલી માણસા ની સંસ્થા આનંદી માઁ ના વડલે અનેક વિધ લોકસેવાના કાર્યો થઈ રહ્યા છે.

સેવાનુરાગી, દિનેશભાઈ વ્યાસ

## ફોટો ગેલેરી



## સાબરકાંઠા એસીબીએ અટક કરી રીમાન્ડ માટે તજવીજ હાથધરી

# ભ્રષ્ટાચારમાં પોઝેટીવ ટાઉન પ્લાનિંગ ઓફિસર અને વચોટિયાનો કોરોના રિપોર્ટ નેગેટીવ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લા સેવાસદનમાં આવેલ ટાઉન પ્લાનીંગ કચેરીમાં ફરીયાદના આધારે અરવલ્લી એન્ટી કરપ્શન પીઆઈ વણઝારા અને તેમની ટીમે સફળ ટ્રેપ કરી ટાઉનપ્લાનીંગ ઓફિસર કીરીટ રાવલ વતી રૂ.૨૦૦૦ ની લાંચ લેનાર એજન્ટ પ્રતીક જયસ્વાલને દબોચી લીધા પછી ટાઉનપ્લાનિંગ કચેરીમાંથી જિલ્લા ટાઉન પ્લાનર કીરીટ રાવલને ને ઝડપી લીધો હતો એસીબીની સફળ ટ્રેપથી જિલ્લા સેવા સદનમાં છડેચોક વકરેલ એજન્ટ રાજ ને લઈ વચોટીયા રાખતાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ આ ટ્રેપ થી ગભરાઈ ઉઠયા હતા.અને સમગ્ર સેવાસદનમાં સન્નાટો છવાયો હતો. અરવલ્લી એસીબીએ સફળ ટ્રેપ પછી સમગ્ર તપાસ સાબરકાંઠા એસીબી ટીમને સુપ્રત કરતા સાબરકાંઠા એસીબીએ સરકારી ગાઈડલાન મુજબ ટાઉન પ્લાનર કીરીટ રાવલ અને વચોટિયાનો કોરોના રિપોર્ટ માટે કરાવતા બંને આરપીઓનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા ધરપકડ કરી રિમાન્ડ માટે તજવીજ હાથધરી હતી

અરવલ્લી જિલ્લા સેવાસદનના બીજા માળે આવેલ ટાઉન પ્લાનીંગ કચેરીમાં બુધવારના રોજ અરવલ્લી એસીબીની ટીમે છાપો માર્યો હતો.અને ફરીયાદી પાસેથી મિલક્તના નકશાની નકલ પેટે રૂ.૨૦૦૦ ની લાંચ માંગનાર ટાઉન પ્લાનર કલાસ વન અધિકારી કે.સી.રાવલ અને તેમના વતી લાંચની રકમ સ્વીકારનાર ખાનગી એજન્ટ ને રંગે હાથ દબોચી લેવાયા હતા.અરવલ્લી એન્ટી કરપ્શન ના અધિકારી સી.ડી.વણજારા સહિતની ટીમ દ્વારા લાંચીયા અધિકારી અને તેના એજન્ટ ને ઝડપી લીધા બાદ સમગ્ર લાંચ કેસની તપાસ સાબરકાંઠા એસીબી ટીમને સુપ્રત કરવામાં આવી છે

સાબરકાંઠા એસીબી પીઆઈ વી એન ચૌધરી અને તેમની ટીમે લાંચિયા ટાઉન પ્લાનર કીરીટ રાવલ અને તેના એજન્ટ પ્રતીક જયસ્વાલને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના રિપોર્ટ કરાવતા બંનેના કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા હોવાનું જણાવ્યું હતું અને બંનેની અટકાયત કરી આગામી ૨૪ કલાકમાં રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરવામાં આવશેનું જણાવ્યું હતું

## માણાવદરના બાંટવા શહેરમા તેજગતિએ ચાલતા વિકાસ કામો



માણાવદર તાલુકાના બાંટવા ગામમાં ભાજપ શાસિત પાલિકા દ્વારા બાંટવા શહેરના જુદા જુદા વિસ્તારમાં જેવા કે માણાવદર - બાંટવા મુખ્ય રોડ નાનડીયા - બાંટવા મુખ્ય માર્ગ તેમજ રાજપૂત વાસની અંદર ની શેરીઓ જેવા જુદા જુદા અંદાજે એક કરોડ જેવી માતબર રકમના કામ પ્રગતિ હેઠળ છે અને હજુ એક કરોડના ના કામ મંજુરી માં મોકલેલ છે.

બાંટવા બાયપાસ પર નવા ગેટનુ તેમજ બાયપાસ પાસે આવેલ શિવપાર્ક બગીચાનું દાતાશ્રીના સહકારથી નવીનીકરણ કરાવાનું કામ ચાલું છે અને અગામી સમયમાં જે વિસ્તારમાં જરૂર હોય ત્યાં સી.સી.ટીવી. કેમેરા લાગાડવામાં આવશે તેમજ નવી પાણી ની લાઇનો વગેરે ના કામોનું આયોજન પણ થઈ ગયા છે આ બધા કામો ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે જવાહરભાઈ ચાવડા ની ગ્રાન્ટમાંથી સીતાણા ગારી નામે ઓળખાતા રોડ ની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે જે કામ પણ ટુંક સમયમાં શરૂ થઈ જશે . આ બધા વિકાસ કામો બાંટવા નગરપાલિકા પ્રમુખ ટીનાબેન જેઠવાણી, ઉપ પ્રમુખ રાજકુમાર વાધવાણી તેમજ ચીફ ઓફિસર એમ. એમ. વાધેલા તેમજ તમામ સાથી સદસ્યો અને કર્મચારીઓ અને આગેવાન ની દેખરેખ નીચે સારી ગુણવત્તા કામો થઈ રહ્યા છે તેમજ પ્રજાલક્ષી કાર્ય થાય તેની સતત કાળજી લેવામાં આવી રહી છે. બાંટવામાં સફાઇ ,પાણી, ગટરની વ્યવસ્થા પણ સારી રીતે ચાલે તેની પણ પ્રમુખ - ઉપ પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા દેખરેખ કરવામાં આવી રહી છે. જનતાને ઓછી અગવડતા પડે તેની પણ ખાસ ચિંતા કરાઇ રહી છે.

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

## કોરોના ટેસ્ટને લઈ રાજ્ય સરકારનો મોટો નિર્ણય

# હવે ખાનગી લેબમાં ડૉક્ટરની ભલામણ વગર કરાવી શકાશે કોરોના ટેસ્ટ

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે ત્યારે કોરોના ટેસ્ટ મામલે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે હવે કોઈ પણ વ્યક્તિ ખાનગી લેબમાં ડૉક્ટરની ભલામણ વગર કોરોના ટેસ્ટ કરાવી શકશે. આ પહેલા ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ માટે ડૉક્ટરની ભલામણ ચિઠ્ઠી ફરજિયાત હતી. હવે કોઈ પણ વ્યક્તિ જેને એવું લાગે કે તેને કોરોનાનો ટેસ્ટ કરાવવો છે તે સરકાર તરફથી નક્કી કરવામાં આવેલી ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે કોવિડ-૧૯ના ટેસ્ટ માટે સરકારે કેટલીક ખાનગી લેબને મંજૂરી આપી છે. આ ઉપરાંત સરકારી હૉસ્પિટલો અને જે તે શહેરના તંત્ર દ્વારા વિવિધ જગ્યાએ ટેન્ટ ઊભા કરીને કોરોના ટેસ્ટ કરવાની કામગારી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં પહેલી ડિસેમ્બરના રોજ સરકારે કોરોના ટેસ્ટના ચાર્જમાં ઘટાડાની જાહેરાત કરી હતી. જે પ્રમાણે ગુજરાતમાં હવે કોરોનાના કેસ માટે કરવામાં આવતા આરટી-પીસીઆર ટેસ્ટની કિંમત ૮૦૦ રૂપિયા રહેશે. એટલે કે હવે કોઈ પણ વ્યક્તિ સરકાર તરફથી નક્કી કરવામાં આવેલી ખાનગી લેબોરેટરીમાં ૮૦૦ રૂપિયા ચાર્જ ચૂકવાની આરટી-પીસીઆર ટેસ્ટ કરાવી શકે છે. આ માટે વ્યક્તિએ લેબ પર જઈને ટેસ્ટ કરાવવો પડશે. બીજા કેસમાં જો વ્યક્તિ લેબકર્મીને ઘરે બોલાવે છે તો તેણે આ માટે ૧,૧૦૦ રૂપિયા ચાર્જ ચૂકવવો પડશે. આ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી નીતિન પટેલે જાહેરાત કરી હતી. આ પહેલા ગુજરાતમાં ખાનગી લેબ તરફથી આરટી-પીસીઆર ટેસ્ટ માટે ૧,૫૦૦ રૂપિયા ચાર્જ વસૂલ કરવામાં આવતો હતો. જો લેબકર્મી ઘરે આવીને સેમ્પલ લઈ જાય તો ૨,૦૦૦ રૂપિયા ચાર્જ વસૂલ કરવામાં આવતો હતો. સરકારની નવી જાહેરાતથી કોરોનાનો ટેસ્ટ કરાવવા માંગતા લોકોને રાહત મળશે. સાથે જ ઓછી કિંમત હોવાથી વધારે લોકો તેનો લાભ પણ લેશે. ખાનગી લેબ ઉપરાંત સરકાર તરફથી કોરોના અંગેનો ફ્રી ટેસ્ટ ચાલુ છે.

## ન ઝૂકના હૈ ન રૂકના હૈ ગુજરાતે સાકાર કર્યુ : રૂપાણી

# કોરોના કાળમાં રાજ્યમાં ૧૭,૦૦૦ કરોડના લોકાર્પણ-ખાતમૂર્હતના કામો થયાઃ મુખ્યમંત્રી

અમદાવાદ,તા.૪

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતે કોરોના સંક્રમણના કપરા કાળમાં પણ વિકાસયાત્રાની અવિરત કૂચ જારી રાખતાં આ કોરોનાના સમય દરમયાન રાજ્યમાં ૧૭,૦૦૦ કરોડ રૂપિયાના લોકાર્પણ-ભૂમિપૂજનના વિકાસ કામો-પ્રજાહિત કામો લોકોના ચરણે ધર્યા છે. તેમણે એમ પણ ઉમેર્યુ કે, એકલા અમદાવાદ મહાનગરમાં જ કોરોનાના સમયમાં ૨,૮૫૭ કરોડના વિકાસ કામોની ભેટ આપી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ આંકડાઓ જ દર્શાવે છે કે વિકાસ કામોની તેજ રફતાર છે અને તે સ્વયં પૂરવાર કરે છે કે ગુજરાત આપત્તિ સામે ન ઝૂક્યું છે ન રોકાયું છે. મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરના રૂ. ૧૦૭૨ કરોડના ૭૨ વિકાસ કામોના લોકાર્પણ-ભૂમિપૂજન ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંપન્ન કર્યા હતા.

આ મુજબ રૂ. ૯૨ કરોડના ઇ-લોકાર્પણ અને રૂ. ૯૮૬ કરોડના ઇ-ખાતમૂર્હત અન્વયે હાઉસિંગ પ્રોજેક્ટ, વોટર પ્રોજેક્ટ, અર્બન હેલ્થ સેન્ટર-હોલ નવીનીકરણ, ગાર્ડન, પ્રધાનમંત્રી આવાસ, બ્રિજ પ્રોજેક્ટ વગેરેનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ ૬૦૦ વર્ષ જૂનું અને વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ સમયની સાથે ચાલીને આધુનિક મહાનગર, વિશ્વકક્ષાના શહેર તરીકે પ્રસ્થાપિત થયું છે તે માટે શહેરી સત્તાતંત્રને અભિનંદન આપ્યા હતા. તેમણે સ્પષ્ટ કહ્યું કે, છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં અમદાવાદની આધુનિક કાયાપલટ થઇ છે. રસ્તા, ગટર, લાઇટ, પાણી જેવી પાયાની માળખાગત સુવિધા સાથે રિવરફ્રન્ટ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, રિયુઝ ઓફ ટ્રીટેડ વોટર, ઘન કચરા વર્ગીકરણ અને યોગ્ય નિકાલ વ્યવસ્થા, પર્યાવરણ જાળવણી સહિતના ક્ષેત્રોમાં અમદાવાદ મહાપાલિકાએ સુઆયોજિત વ્યવસ્થાપન કર્યુ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પર્યાવરણ, પાણી, પ્રકાશ, બધી ચિંતા કરીને જનસુખાકારી વધારી છે. રાજ્યના નગરો-મહાનગરોમાં ઇઝ ઓફ લીવીંગ વ્યાપકપણે સુધારીને શહેરો રહેવાલાયક, માણવાલાયક બનાવ્યા છે. નિવૃત્ત જીવન વિતાવતા અન્ય પ્રાંતના વરિષ્ઠ લોકો પણ એટલે જ અમદાવાદમાં કાયમી વસ્યા છે એમ તેમણે જણાવ્યું હતું.

# વડગામ તાલુકાના માનપુરા ખાતે અરજદારો ની રજળપાટ છતા તંત્ર કુભકર્ણ ની નિદ્રા માં



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના માનપુરા ગામે ગણા સમય થી ચાલતા અણઘડ વહિવટ સામે ગામના જાગ્રૃત નાગરિક નુરમહંમદ પીરમહંમદ કરેડીયા તથા પંચાયત ના જ સભ્ય લીયાકતભાઈ વજીરભાઈ પ્રાસલા એ મોરચા સાથે આક્ષેપો કર્યા છે ત્યારે અગાઉ માનપુરા ગામનાં ગામતળ તથા ગૌચર માં દબાણ બાબતે કલેકટર ને લેખિત ફરિયાદ કરી હતી જેમાં તાલુકા પંચાયત દ્વારા સરપંચ અને તલાટી ને તારીખ ૧૫/૦૯/૨૦૨૦ ના રોજ દબાણ દુર કરવા કાર્યવાહી કરવા જણાવ્યું હતું પરંતુ અધિકારીઓ ની મીલીભગતના કારણે આજદિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી ગામતળ તથા ગૌચર માં દબાણ હોય જેમાં સિન્ધી ગફુરભાઈ અબ્દુલ ભાઈએ કોઈ પણ જાતની પરમિશન વગર ગૌચર ની જમીન માં બે વીઘા જેટલી જમીન પર કબ્જો કરી કબ્રસ્તાન બનાવી દિધુ હોય તથા વાલ્મિકી અમરતભાઈ નાથાભાઈ એ ગૌચર માં શેડ ઉભો કરી દબાણ કરેલ હોય તથા માનપુરા ના ગૌચર માં આવેલું કુડાળીયુ તળાવ ની જગ્યામાં પટણી સમાજ ના લોકો દ્વારા બિન અધિકૃત રીતે ખેતર બનાવી દઈ દબાણ કરેલ હોય અને ગામતળ માં ભેસોના તબેલા બનાવી મળ-મુત્ર ગામની ગટર લાઈનમાં જોડાણ આપેલ હોય જેથી ગામની ગટરો ની ચેમ્બરો ઉભરાઈ ખરાબ દુર્ગંધ આવતી હોય જેથી મહામારી ફેલાવવા ની સંભાવનાઓ પણ સેવાઈ રહી છે ત્યારે બનાસકાંઠા તંત્ર અને તાલુકા તંત્ર પંચાયત ના હુકમો ને ગોળીને પી જતાં પંચાયત તંત્ર ઉપર કેમ કોઈ કાર્યવાહી થતી નથી પંચાયત ના સભ્યો ના પણ દબાણ છે તેવો અરજદાર નો આક્ષેપ છે તો તાલુકા પંચાયત ના અધિકારીઓ કેમ ઉઘ ખંખેરી ને કાર્યવાહી કરતા નથી એમને કાર્યવાહી કરવા માટે કોઈ ગ્રહ નડે છે કે કેમ? માનપુરા ગામના ગૌચર માં આવેલા તળાવ માં પણ બિન અધિકૃત રીતે ઈટવાડો ચાલુ કરી દિધેલો હોય જેને લઈ ઈટવાડા માલિકે જણાવ્યું હતું કે તેમને પંચાયત દ્વારા ઠરાવ આપવામાં આવ્યો છે પરંતુ પંચાયત નાજ સભ્ય દ્વારા એવું જાણવા મળ્યું હતું કે આ ઠરાવ એ એમની જાણ બાર થયો છે પંચાયત ના સભ્ય તરીકે એમને પણ આ બાબતે કોઈ ચર્ચા કરાઈ નથી તેમજ આ ગૌચર ની જમીન માં ચણતર કરી પાણી માટે ની મોટો કુડ બનાવ્યો છે આ ઈટવાડો કોની રહેમ નઝર હેઠળ ચાલું કરવામાં આવ્યો છે એ એક ઘુટાતો પ્રશ્ર્ન છે..હવે જોવું રહ્યું કે આ બાબતે તંત્ર પગલાં ભરશે કે પછી ગોદડે ગોટી વાળી દેશે......

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર અને લેખક જયંત મેઘાણીનું નિધન



સાહિત્યના પ્રચાર અને પ્રસાર થકી અનેક પેઢીઓને વાંચનનો શોખ જગાવનાર જયંત મેઘાણી (jayant meghani) ના નિધનથી સાહિત્ય જગતમાં શોક વ્યાપી ગયો છે.કલા અને સાંસ્કૃતિક નગરી ભાવનગરની આગવી ઓળખ સમા જયંત મેઘાણીનું નિધન થયું છે. સાહિત્યના પ્રચાર અને પ્રસાર થકી અનેક પેઢીઓને વાંચનનો શોખ જગાવનાર જયંત મેઘાણી (jayant meghani) ના નિધનથી સાહિત્ય જગતમાં શોક વ્યાપી ગયો છે. જયંતી મેઘાણી ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી (zaverchand meghani) ના પુત્ર છે. પિતાના પગલે જયંત મેઘાણીએ પણ સાહિત્ય જગતમાં અદભૂત ચાહના મેળવી છે. જયંત મેઘાણી સપ્તપર્ણી, ધ સ્ટોરી ઓફ ગાંધી, અનુકૃતિ, રવિન્દ્ર-પુત્રવધુ જેવા અનેક પુસ્તકોના સર્જક છે. ૮૨ વર્ષની જૈફ વયે તેમનું અવસાન થતાં તેઓની ઈચ્છા મુજબ દેહદાન કરવામાં આવ્યું હતું.

રાજેન્દ્ર જોશી

NOG સાહિત્ય સરિતા ગ્રુપ ની શ્રધ્ધાંજલી......

# ઈડર જી.ઇ.બી.ની સારી કામગીરી આવી સામે



ઈડર ટાઉન ના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી.યુ. એન.પટેલ સાહેબ ના સૂચના થી પાનોલ સબ ટેશન માં ગુજરવા એ.જી .ફીડર માં આવેલ ગામડાં માં ખેતી વાડી ના એલ. ટી .ના વાયરો લુંજ હોવાથી ખેડૂતો ને લાઈટ ખેતી માટે ફોલ્ટ વિના લાઈટ મરી રહે અને વાયર લુંજ હોય તો પક્ષીઓ બેસ વાથી વાયર ભેગા થઈ જતા તે ભેગા ના થાય અને લુંજ વાયરો ટાઈટ કરવામાં આવ્યા હતા અને ખુડુતો ને તરખલા લઈને ગઉ. બરી જતા હતા તે ખેડૂતો ને નુકશાન ન થાય. એ માટે આજે ગુજરવા ફીડર માં આવેલ પહાડીયોલ અને જામરેલા માં ઈડર જી ઇ બી ના સ્ટાફ સાથે એલ.ડી.ડામોર... લાઇન ઈસ્પેક્ટર. જે. ડી.પરમાર.લાઇન મેન..ગુજરવા ફીડર .ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટ ફિરોઝ મનસુરી.અને જયમીન પંચાલ.આજે આજે જી. ઇ.બી. ની કામગિરી થતા ખેડૂતો માં ખુશી ની લહેર છવાઈ હતી અને જી. ઇ. બી ના ડેપ્યુટી એજીનીયર નો યુ.એન.પટેલ નો.લોકો એ આભાર માન્યો હતો..

માલજીદેસાઈ ઈડર

## માણાવદર અને બાંટવા પીએસઆઈ ને વંથલી તાલુકામાંથી ત્રણ સ્થળેથી પકડાયેલ દારૂની તપાસ સોંપાઇ



વંથલી નજીક ત્રણ સ્થળેથી ૮૦૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો હતો આ ત્રણમાંથી દારૂના બે કેસની તપાસ બાંટવાના તથા એક કેસની તપાસ માણાવદર ના પી.એસ. આઇ. ને સોંપવામાં આવી છે.

વંથલીના નવા માર્કેટીંગ યાર્ડ નજીક થી એબસ્કોન્ડર સ્કોવોડે દરોડો પાડી પડતર કમ્પાઉન્ડ ની ખુલ્લી જગ્યામાંથી ૨૯.૪૦ લાખનો ૭૧૨૮ બોટલ દારૂ ઝડપી લઈ ટેમ્પો સહિત ૩૩.૪૦ લાખની કિંમત નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને હાજર નહી મળી આવેલા ચાર શખ્સો સામે ગુનો દાખલ કરાવ્યો હતો . આ ઈંગ્લીશ દારૂ ના કેસની તપાસ માણાવદર પી.એસ. આઇ. પી.વી. ધોકડીયા ને સોંપાઇ છે. જયારે એલ.સી.બી. એ સાંતલપુર ધાર ખાતેથી ૭૨૦ બોટલ તેમજ નાંદરખી માંથી ૧૮૦ બોટલ દારૂ સાથે એક શખ્સ ને ઝડપી પાડ્યો હતો આ બન્ને દારૂ ના કેસની તપાસ બાંટવા પીએસઆઈ કે.કે. મારૂને સોંપાઇ છે

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

## મોડાસા જાયન્ટસે વિશ્વ દિવ્યાંગ દિવસે બાળકોને ધાબળાની હૂંફ

અરવલ્લી બ્યુરો મોડાસા

શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને શિક્ષણના માધ્યમથી શિક્ષણની મહત્વતા અને સામાન્ય બાળકોની જેમ દિવ્યાંગ બાળકોનો સ્વીકાર થાય, પુનર્વસન થાય તેવા વિચાર સાથે આજે વિશ્વ દિવ્યાંગ દિવસના રોજ સમાજમાં દિવ્યાંગ બાળકો માટે સકારાત્મક વિચાર પ્રસારિત થાય તેવા પ્રયાસ સાથે દિવ્યાંગ બાળકો ને પ્રેરાણા હૂફ મળે તેમજ લાગણી મળે તે માટે જાયન્ટસ મોડાસા એ વાલ્મીકિ સમાજના બે બાળકોના ઘરે જઈ શિયાળા ની ઠંડીમાં હુફ મળે તે માટે ધાબળા વિતરણ કર્યું. આ પ્રસંગે જાયન્ટસના ઝોન ઉપપ્રમુખ નિલેશભાઈ જોશી, જાયન્ટસ મોડાસા પ્રમુખ નરેન્દ્ર પટેલ, જાયન્ટસ સભ્ય ભગીરથભાઈ તથા દિવ્યાંગો માટે સતત વિચારતા અને કામ કરતાં જીલ્લા કોડીનેટર આઈ.ઈ.ડી શાખાના અમિતભાઈ કવિ પણ હાજર રહ્યા. જાયન્ટસ મોડાસા સમાજ સેવા માટે કટિબદ્ધ હતું અને રહેવાનુ જ છે એજ સંકલ્પ સાથે દિવ્યાંગો ને એક સપ્તાહ સુધી ધબાળા વિતરણ કરશે..

## પંદર લાખ રૂપિયા લોક ફાળો એકત્રિત કરવામાં આવ્યો

# ગુદરી-સાતસણ ગામની સીમમાં જળસંચય અભિયાનનો પ્રારંભ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી ના ૫૦માં જન્મદિને બનાસડેરીઅને લોકભાગીદારીના સહકાર થી દાંતીવાડા તાલુકાના ગુદરી - સાતસણ ની સીમમાં જળસંચય અભિયાનનો પ્રારંભ ગત રોજ કરવામાં આવ્યો.આ પ્રસંગે આવેલ મહાનુભાવો દ્વારા ખાતમુહૂર્ત સહ પ્રારંભ કરવામાં આવેલ પધારેલા સૌને આગેવાનો ને ભુદેવ તિલક કરી આવકારેલ



આ પ્રસંગે બનાસ ડેરી ડીરેક્ટર પી.જે.ચૌધરી એ પોતાના પ્રાસંગિક પ્રવચન જણાવ્યું હતું કે દાંતીવાડા તાલુકામાં પાણી ની વિકટ પરિસ્થિતિ નો સામનો કરી રહ્યા છે જેને વિકટ પરિસ્થિતિ માં થી બહાર લાવવા માટે સમગ્ર તાલુકામાં લોકભાગીદારી થકી સાત મિનીચેકડેમ તાળાવો બનાવવામાં આવ્યા છે આ વખતના ચોમાસા થી ઝાત ગામ પાસે બનાવવામાં આવેલ તળાવ માં સારી એવી માત્રામાં પાણીની આવક થયેલ જેના થી આજુબાજુ ના ખેડૂતોને ફાયદો થયો છે તેમ સમગ્ર તાલુકામાં વરસાદનું વહી જતું પાણી અટકાવવા સમગ્ર તાલુકા ના ગામડાઓ મુ ખેતરનું પાણી ખેતરમાં સીમનુ પાણી સીમમાં અને ગામનું પાણી ગામમાં રહે એવા ઉમદા વિચારો સાથે

શંકરભાઈ ચૌધરી એ બનાસકાંઠા ને હરિયાળો બનાવવા માટે જળસંચય અને વૃક્ષારોપણ દ્વારા જે અભિયાન હાથ ધર્યું છે તેનો ગતરોજ તેમના જન્મ દિવસ ની સમગ્ર બનાસકાંઠા ના સમગ્ર થયેલા ખાતમુહૂર્ત થી ધીમેથી તેવો અહેસાસ જનમાનસમાં થઈ રહ્યો છે ખુબ જ ઝડપથી આ સપનું સાકાર થાય એવુ બનાસકાંઠા લાગી રહ્યું છે

તાલુકા ભાજપ પ્રમુખ ગણપતભાઈ રાજગોર. પુર્વ તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિહ સોલંકી.પુર્વ તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઇ ચૌધરી પાંથાવાડા માર્કેટયાર્ડ ચેરમેન સવસીભાઈ ચૌધરી. તાલુકા પંચાયત ઉપપ્રમુખ રમેશભાઈ ધાડિયા.કાનસિહ દેવડા.તેજાજી મારવાડીયા.હરજીવનભાઈ ભુતડીયા.દિનેશભાઈ મેવાડા.જયંતિભાઈ બોચાતર.વસંતભાઈ પુરોહિત,બાળકાજી રબારી દિનેશભાઈ બોકા.વિનોદભાઈ ચૌધરી અરજણભાઈ રબારી સહિત આગેવાનો આજુબાજુ ખેડૂતો ગ્રામ જનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.